# ગાંધીનગર તાલુકા પંચાયત તેમજ માણસા નગરપાલિકામાં ચૂંટણીઓની કવાયત તેજ

**રાજ્ય ચૂંટણી પંચ દ્વારા એકાદ સપ્તાહમાં અથવા તો જાન્યુ.ના પ્રથમ સપ્તાહમાં ઘોષણા કરાશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર તાલુકા પંચાયત, માણસા નગરપાલિકાની આવી રહેલી ચૂંટણીઓની તૈયારીઓમાં તાંત્ર હવે વ્યસ્ત બનશે. વિધાનસભાની ચૂંટણીઓ સંપન્ન થતાં જ એકાદ સપ્તાહમાં જ સ્થાનિક સ્વરાજ્યની આ સંસ્થાઓની ચૂંટણીની જાહેરાત રાજ્ય ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવશે.

જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓને લઈ લાગેલી આચારસંહિતા ઉઠાવી લેવાયા બાદ વિકાસ કામો ઝડપથી હાથ ધરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જાન્યુઆરી માસના અંતમાં ગાંધીનગર તાલુકા પંચાયતની મુદત પૂર્ણ થશે અને તે માટે ચૂંટણીની તૈયારીઓ આરંભાઈ ચુકી છે. આ ઉપરાંત માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજવાની થતી હોઈ રાજ્ય ચૂંટણીપંચ દ્વારા એકાદ સપ્તાહમાં જ વિધિવત્ ઘોષણા કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

માણસા નગરપાલિકા અને ગાંધીનગર તાલુકા પંચાયતના નવા સીમાંકન જાહેર થઈ ચુક્યા છે એટલુ જ નહિ આ માટે મતદારયાદીની પણ પ્રસિદ્ધિ થઈ ચુકી છે. હવે પંચ દ્વારા એકાદ સપ્તાહમાં અથવા તો જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ચૂંટણીઓ માટેની ઘોષણા કરવામાં આવશે તેમ પંચના સૂત્રોએ પણ સ્વીકાર્યું છે અને તે સાથે જ પુનઃ આદર્શ આચારસંહિતા અમલી બનશે.

વિધાનસભાની ચૂંટણી પછી હવે બન્ને પક્ષો દ્વારા સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીઓ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે અને આગામી એકાદ સપ્તાહ બાદ તે કામગીરી વેગ પકડશે તેમ રાજકીય વર્તુળોમાંથી જાણવા મળી રહ્યું છે.

## ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગરની માસિક બેઠક તા. ૨૩-૧૨-૨૦૧૭ના રોજ માસના ચોથા શનિવારે સાંજે .૩૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદી, ૬૨૯ વાસ્તુનિર્માણ, સે-૨૨ ગાંધીનગરના નિવાસસ્થાને યોજાશે. આ બેઠકમાં એચ.બી. વરિયા (નિ. આઈ.એ.એસ.), 'ગાંધીજી અને અહીંસા વ્રત' પર પોતાનું મનનીય પ્રવચન આપશે. તો આ બેઠકમાં સર્વે સભ્યો, ગાંધીજનો અને ભાવકોને સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રી સોમાભાઈ ડી. પરમારે અનુરોધ કર્યો છે.



**સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે અમૃતવર્ષા મહોત્સવનો પ્રારંભ**

ગાંધીનગર શહેરના સે. ૨૩ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે અમૃતવર્ષા મહોત્સવનો આજે પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી અને પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજી સહિત અન્ય મહાનુભાવોની હાજરીમાં દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તો હાજર રહ્યા હતા. અમૃતવર્ષા મહોત્સવ અંતર્ગત આજે સવારે ૮ કલાકે ઠાકોરજીની મંદિરમાંથી સભા મંડપમાં પધરામણી થઈ હતી. ત્યારબાદ શોભાયાત્રા સેક્ટરના આંતરીક માર્ગો પર ફરીને સભા સ્થળે આવી પહોંચી હતી. બપોરે ૨.૩૦ કલાકે વિનામૂલ્યે બીએમડી મેડીકલ કેમ્પનું આયોજન કરાયુ હતુ. જેમાં ૩૦૦થી વધુ લાભાર્થીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

# ઘ-રોડ પર સરકારી બોલેરો અને ફંટી વચ્ચે અકસ્માત

**બોલેરોમાં પોલીસ જવાનો ચિક્કાર પીધેલા હોવાનું માની સ્થાનિકોનો ટપલી દાવ થતા જવાનો ભાગ્યા : બોલેરોમાં પાર્ટી ચાલતી હોવાનો આક્ષેપ : પાછળની સીટમાંથી ગ્લાસ પણ મળ્યા : ફંટીમાં સવાર પિતા-પુત્રી ઘાયલ**

ગાંધીનગર, તા. ૨૧

શહેરના ઘ-માર્ગ પર ઘ-૪થી ઘ-૫ની વચ્ચે સે. ૧૭-૧૬ તરફ જવાના કટ પાસે ગઈ મોડી સાંજે પોલીસની સરકારી બોલેરો જીપ અને મારૂતી ફંટી કાર વચ્ચે જબરજસ્ત અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ફંટી સવાર પિતા-પુત્રી ઘાયલ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે બોલેરોમાં સવાર પોલીસ કર્મીઓ નશામાં ધૂત હતા અને જીપમાં પાર્ટી ચાલતી હતી. સ્થાનિકોએ પોલીસ જવાનો પર ટપલીદાવ શરૂ કરતા સ્થળ છોડીને ભાગી જવુ પડ્યું હોવાનુ જાણવા મળ્યું છે. સે. ૨૧ પોલીસે ઘટનાસ્થળે વિડીયો રેકોર્ડીંગ સાથે પંચનામુ કરી ઘટનાની તપાસ શરૂ કરી છે.



સેક્ટર-૨૨માં રહેતુ પરીવાર ફંટી કાર નં. જીજે.૭.એચ.૪૨૩૯ લઈને ઘ-૫ તરફથી પસાર થઈને સે. ૧૬ તરફ જવાના કટ ઉપરથી વળાંક માર્યો ત્યારે ઘ-૪થી ઘ-૫ તરફ જઈ રહેલી સરકારી બોલેરો જીજે.૧૮.જીએ.૨૧૯૦ સાથે ધડાકાભેર ટકરાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. સરકારી ગાડી સે. ૨૭ પોલીસ લાઈનમાં રહેતા અને એમ.ટી.શાખામાં ફરજ બજાવી ડી.જી. વણઝારાની એસ્કોટીંગ ડ્યુટી સંભાળતા સિદ્ધરાજ નવીનભાઈ ભગોરા હતા. આ અકસ્માતમાં ફંટીમાં સવાર પિતા અને પુત્રી ઘાયલ થતા તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ ફંટી ચાલક તેમની તબિયત સુધારા પર આવ્યા બાદ ફરિયાદ કરવાનું કહી રહ્યા છે. તો બીજી તરફ બોલેરો ચાલકે ફરીયાદ નોંધાવી દીધી છે. અનાર્મ કોન્સ્ટેબલ સિદ્ધરાજ ભગોરાની ફરિયાદ મુજબ તેઓ ઘ-૫ થી ઘ-૪ તરફ જતા હતા ત્યારે અચાનક સે. ૧૬ કટ પાસેથી ફંટી ચાલકે વળાંક મારી દેતા અકસ્માત સર્જાયો હતો. ટોળુ ભેગુ થઈ જતા મારની બીકે ત્યાંથી ભાગી ગયા હતા. તો બીજી તરફ સ્થાનિકોનો આક્ષેપ છે કે બોલેરોમાં સવાર પોલીસ જવાનો પીધેલા હતા અને જીપમાં જ પાર્ટી ચાલી રહી હતી. બોલેરોની પાછળની સીટમાં પડેલા ગ્લાસના ફોટોએ પણ સ્થાનિકોએ પાડ્યા હતા. સે. ૨૧ પોલીસે ગુનો દાખલ કરીને સ્થળ ખાતે વિડીયોગ્રાફી સાથે પંચનામુ કરી ઘટનાની તટસ્થ તપાસ આરંભી છે.




## છુટ્ટા પૈસા લઈને આવું કહીને ગઠીયો રીક્ષા ઉઠાવી ગયો

**ઈન્ફોસીટી કલબ રીસોર્ટ સામે સર્વિસ રોડ પર બનેલી ઘટના : પોલિસ ફરિયાદ**

ગાંધીનગર, તા.૨૧

શહેરના ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં આજે એક વિચિત્ર છેતરપીંડીનો ગુનો નોંધાવા પામ્યો છે. ત્રણ મહિના પહેલા થયેલી છેતરપીંડી આજે દાખલ થવા પામી છે. ઈન્ફોસીટી કલબ રીસોર્ટ સામે સર્વિસ રોડ ઉપર ઉભેલા રીક્ષા ડ્રાઈવર પાસે રીક્ષા માંગીને છુટ્ટા લઈને પાછો આવું તેમ કહી ગઠીયો રીક્ષા લઈને રફફુચક્કર થઈ ગયો હોવાની ફરિયાદ દાખલ થતા ઈન્ફોસીટી પોલિસે વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ચાંદખેડામાં રહેતા નરેન્દ્ર સ્વરૂપજી ઠાકોર તેની રીક્ષા સાથે ૨૪ સપ્ટેમ્બરે બપોરે ઈન્ફોસીટી કલબ રીસોર્ટ પાસે સર્વિસ રોડ પર ઉભો હતો. ત્યારે તેને ઓળખતો શાહીબાગનો શખ્સ રાહુલ રમણ પરમાર તેની પાસે આવ્યો અને કહ્યું કે રીક્ષા આપ હું છુટ્ટા પૈસા કરાવીને આવું..! છુટ્ટા પૈસા કરાવવાના બહાને ૧ લાખની રક્ષા લઈને ફરાર થઈ ગયેલો ગઠીયો હજુ પરત ફર્યો નથી. આખરે નરેન્દ્ર ઠાકોરે ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પીએસઆઈ જે.એચ. મકવાણાએ ગુનો નોંધી આરોપી રાહુલ પરમારની ધરપકડ માટે તજવીજ હાથ ધરી છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની દ્વિ-માસિક બેઠક તાજેતરમાં યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરની દ્વિમાસિક બેઠક તાજેતરમાં ભાનુકાન્ત પી. પરમારના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં અધ્યક્ષે છેલ્લા ત્રણ માસમાં દલિતો પર થયેલ અત્યાચાર અંગે ગુજરાત રાજય માનવ અધિકાર આયોગને એસોસીએશન એટ્રોસીટી એકટ અન્વયે પગલા લેવા તા. ૭-૧૦-૨૦૧૬ના રોજ પીટીશન કરી હતી. તેના અનુસંધાને આયોગે લીધેલ પગલાં તથા ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતાના મંત્રાલયને અનુ. જાતિના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ માટે પેરેન્ટસની આવક મર્યાદા ૧૦ લાખ કરવા માટેની રજુઆત અર્થે આપેલ જવાબથી સભ્યોને વાકેફ કર્યા હતા. ઉપરાંત તાજેતરના વાવાઝોડાથી શહેરમાં વસતા ઝુંપડાવાસીઓ તથા ખુલ્લામાં વસતા શ્રમજીવી તથા ગરીબોને સત્વરે આશરો આપવા માટે શહેર વસાહત મંડળ દ્વારા કલેકટરને યોગ્ય પગલાં લેવા અપીલ કરવામાં આવી હતી. તેમજ શહેરના સફાઈ કામદારોની વિવિધ માંગણીઓ અંગે સંસ્થાએ કરેલ રજુઆત સંબંધી શહેરી વિકાસ વિભાગે લીધેલ પગલાંની માહિતી સભ્યોને આપવામાં આવી હતી.

ત્યારબાદ તાજેતરમાં રાજયમાં વિધાનસભાની ચુંટણી તેમજ દલિત તથા ગરીબ સમાજને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. મહામંત્રી વિરચંદભાઈનો આભાર જીવણલાલ પરમારે વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યવાહીનું સંચાલન મહામંત્રી વિરચંદભાઈએ સફળતાપૂર્વક કર્યું હતું.

# ચાર્જમાં ચાલતી આર.ટી.ઓ. કચેરીનો વહીવટ ઠપ્પ થયો

**ટેકનિકલ ખામીના લીધે પણ અરજદારોએ અવારનવાર ધક્કે ચઢવાનો વારો આવે છે : કાયમી નિમણુંકના અંતે અધિકારી ટ્રેનીંગમાં હોવાથી આર ટી ઓ તંત્ર હજુ ચાર્જમાં : ચાર્જના અધિકારી પણ રજા પર નાગરિકો ત્રાહીમામ**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર આર ટી ઓ કચેરી છેલ્લા ઘણાંસમયથી ચાર્જમાંછે. જયારે હાલ ચાર્જ પરના અધિકારી પણ રજા પર હોવાના લીધે અન્ય અધિકારીને ચાર્જ સોંપવામાં આવ્યો છે. પરંતુ એક સાથે બે જગ્યાનો ચાર્જ સંભાળતા અધિકારીને વધારાની જવાબદારી સોંપવામાં આવતા વહીવટી કામગીરી ઠપ્પ થઈ ગઈ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જયારે અરજદારોને પણ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. આર ટી ઓ કચેરીમાં વારંવાર ટેકનિકલ ખામી સર્જાતા અરજદારોએ હાલાકી વેઠવાનો વારો આવે છે. જયારે આર ટી ઓમાં નવા કાયમી એ આર ટી ઓ પણ ટ્રેનીંગ પિરિયડમાં હોવાના લીધે ચાર્જના અધિકારીઓથી કામ ચાલે છે. પરંતુ ચાર્જ ધરાવતા ઈન્સ્પેકટર પાસે પણ અન્ય જગ્યાનો ચાર્જ હોવાના લીધે દિવસ દરમિયાન આર ટી ઓ કચેરી રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરી પેપરલેસ અને ઝડપી વહીવટી કામગીરી કરતી હોવાની અનેક વાતો પોકળ પુરવાર થઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે. આર ટી ઓ કચેરીમાં છાશવારે સર્વર ડાઉન થતા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. ઓન લાઈન એપાઈન્ટમેન્ટ થકી અરજદારોનો સમય ન બગડે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હોવાનુ જણાંવાય છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી અરજદારોને આર સી બુક પણ મળતી નથી. જયારે વારંવાર સર્વર ડાઉન થવાની ફરિયાદોના લીધે હેરાનગતિ વેઠવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં પાર્કીંગ નિયમનના મામલે પણ દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે. ટ્રાફિકના નિયમનનુ આર ટી ઓ કચેરીના આંગણે જ બિન્દાસ્ત ઉલ્લંઘન થાય છે. જયારે આર ટી ઓ કચેરીમાં મુખ્ય એ આર ટી ઓ અધિકારીની કાયમી નિમણુંકના અંતે પણ ચાર્જ યથાવત રહેતા હાલ વહીવટી કામગીરી ઠપ્પ થઈ ગઈ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. છેલ્લા ઘણાં સમયથી એ આર ટી ઓની જગ્યા ચાર્જમા હતી. પરંતુ થોડા સમય અગાઉ કાયમી અધિકારીની નિમણુંક કરી દેવાઈ છે. પરંતુ નિમણુક પામેલ અધિકારી ટ્રેનીંગમાં હોવાથી હાલ આ જગ્યા ચાર્જમાં જ ચાલે છે. આવા સંજોગોમાં ચાર્જના અધિકારી પણ રજા પર હોવાથી અન્ય એક અધિકારીને ચાર્જ સોંપવામાં આવ્યો છે. જયારે બે જગ્યાનો ચાર્જ સંભાળતા અધિકારી કચેરીમાં દિવસ દરમિયાન હાજરી આપી શકતા નથી. અરજદારોને યોગ્ય જવાબ મળતો નથી. ધક્કે ચઢવુ પડે છે. આર ટી ઓ કચેરીનો વહીવટ ઠપ્પ થઈ ગયો છે. અરજદારો ત્રસ્ત છે.

# મહેસાણાની શિબિરમાં ઈવીએમ મામલે કોંગ્રેસમાં ઉગ્ર રજૂઆત

અમદાવાદ, તા.૨૧

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસની ત્રણ દિવસની ચિંતન શિબિરમાં આજે વધુ જિલ્લાઓના કોંગ્રેસ પ્રમુખો, આગેવાનો અને પદાધિકારીઓએ ઈવીએમમાં બ્લુટુથ અને વાઈફાઈ કનેકટ, કેટલાક ઈવીએમના સીલ તૂટેલા હોવા સહિત તેમાં ચેડા થયાની દહેશત વ્યકત કરી હતી, તો કેટલાક આગેવાનોએ અમુક બેઠકો પર ખોટા ઉમેદવારો પસંદ કરાયા હોવાની વાતનો પુનરોચ્ચાર કર્યો હતો. ગઈકાલે મહેસાણા અને પાટણ જિલ્લા બાદ આજે રાજયના વધુ કેટલાક જિલ્લાના આગેવાનોએ આજે કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ સમક્ષ પોતાની રજૂઆત કરી હતી. તો, સૌરાષ્ટ્રમાં આ વખતે કોંગ્રેસને મળેલી ૩૦ જેટલી બેઠકોની સફળતામાં કોંગ્રેસના સ્થાનિક આગેવાનોએ હાર્દિક પટેલની ફેકટરના પણ આભાર માન્યો હતો અને તેની પ્રશંસા પણ કરી હતી તો. કેટલાકે વળી હાર્દિક ફેકટરથી બહુ ઝાઝો ફેર નહી પડયો હોવાનું મંતવ્ય રજૂ કર્યું હતું. ચિંતનશિબિરમાં રજૂ થયેલા અભિપ્રાય, મંતવ્યો, સૂચન અને ફીડબેકના આધારે ગુજરાત કોંગ્રેસના નેતાઓ દ્વારા વિગતવાર અહેવાલ તૈયાર કરીને તે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીને સુપ્રત કરવામાં આવશે. ચિંતન શિબિરની કવાયતના ભાગરૂપે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી તા.૨૩મી ડિસેમ્બરે છેલ્લા દિવસે અમદાવાદ આવશે. રાહુલ ગાંધી સવારે ૧૧-૩૦થી ૨-૦૦ વાગ્યા દરમ્યાન ઉત્તર ગુજરતા અને મધ્ય ગુજરાતના કોંગ્રેસના આગેવાનોને મળશે, એ પછી બપોરે ૨-૦૦ વાગ્યે કચ્છ-સૌરાષ્ટ્રના કોંગ્રેસના નેતાઓને મળશે, બપોરે ૩-૦૦ વાગ્યે દક્ષિણ ગુજરાતના નેતાઓની સાથે મુલાકાત કરીને સાંજે ૪-૦૦ વાગ્યે કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓની સાથે ખાસ બેઠક યોજશે અને તેમને સંબોધન કરશે.

રાહુલ ગાંધી વિજેતા થયેલા કોંગ્રેસના ધારાસભ્યોને શુભેચ્છા-અભિનંદન પણ પાઠવશે. ત્યારબાદ મોડી સાંજે દિલ્હી જવા રવાના થઈ જશે. મહેસાણા ખાતે શરૂ થયેલી કોંગ્રેસની ચિંતન શિબિરમાં કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, હારી ગયેલા સિનિયર નેતાઓ શકિતસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા સહિતના પદાધિકારીઓ અને આગેવાનો હાજર રહયા હતા. જેમાં રાજયના વિવિધ જિલ્લાના કોંગ્રેસના પ્રમુખો, આગેવાનો, હોદેદારો, પદાધિકારીઓને હાજર રહ્યા હતા.

કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ જિલ્લા કોંગ્રેસ પ્રમુખો અને સ્થાનિક આગેવાનો-પદાધિકારીઓ પાસેથી પરિણામને લઈ જરૂરી અભિપ્રાય અને ફીડબેક મેળવ્યા હતા તો સાથે સાથે તેમને નિખાલસપણે અને નિર્ભયતાથી જે કોઈ કારણ કે પરિબળ હાર માટે જવાબદાર હોય તે જણાવવા સૂચન કર્યું હતું.

# લીંબડીયા-વલાદ રોડ પર વધુ એક વૃદ્ધા રીક્ષા ગેંગનો શિકાર બની

**વૃદ્ધાને રૂપિયા ભરેલું પાકીટ બતાવી વાતોમાં ભોળવીને પહેરેલા દાગીના અને પાકીટ સેરવી લઈ રીક્ષામાંથી ઉતારી મુકયા**

ગાંધીનગર, તા.૨૧

ડભોડા નજીક આવેલા વલાદ ગામના ૬૫ વર્ષીય વૃદ્ધા લીંબડીયા-વલાદ રોડ પર રીક્ષા ગેંગનો ભોગ બનતા ચકચાર મચી જવા પામી છે. મુસાફર તરીકે રીક્ષામાં બેસાડી આ ગેંગે રૂપિયા ભરેલું પાકીટ બતાવી વૃદ્ધાને વાતોમાં ભોળવીને તેમણે પહેરેલા સોના-ચાંદીના દાગીના તથા પાકીટ સેરવી લઈ વલાદ નજીક રીક્ષામાંથી ઉતારી દીધા હોવાની ઘટના ડભોડા પોલિસ મથકના ચોપડે નોંધાવા પામી છે. પોલિસે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

વલાદ ગામના ગણેશપુરા વિસ્તારમાં રહેતા ૬૫ વર્ષીય વૃદ્ધા લછીબેન કેશાજી ઠાકોર ગઈ કાલે સવારે સંબંધીને ત્યાં ગયા હતા અને બારેક વાગ્યે પરત આવ્યા બાદ લીંબડીયા પાસે ઉતર્યા હતા. વલાદ જવા માટે રીક્ષા શોધી રહ્યા હતા ત્યારે એક રિક્ષા આવીને તેમાં બેસી ગયા. દુર્ભાગ્યવશ આ રિક્ષામાં દાગીના સેરવી લેતી ગેંગ હતી. રૂપિયા ભરેલું પાકીટ બતાવીને વૃદ્ધાને વાતોમાં ભોળવી દઈ રસ્તામાં તેમના ચાંદીના હાથ પગના કડા, કંઠી અને સોનાની વાળી સહિત રૂ. ૨૫ હજારના દાગીના તથા રૂ. ૭ હજાર રોકડ ભરેલું પાકીટ સેરવી લઈ આ ગેંગે લછીબેનને વલાદ પાસે ઉતારી મુકયા અને ગેંગ રફફુચક્કર થઈ ગઈ હતી. આ મામલે વૃદ્ધાની ફરિયાદ આધારે ડભોડા પોલિસે ગુનો નોંધી ગેંગને પકડવા તજવીજ શરુ કરી છે.



**પોલેન્ડમાં અભ્યાસની તકો અંગે માર્ગદર્શન સેમિનાર્સ**

આરજી ઈન્ટરનેશનલ ગૃપ દ્વારા તાજેતરમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, મહેસાણા, કડી અને રાજકોટ ખાતે સેમિનાર્સ યોજવામાં આવ્યા હતા. આ સેમિનાર્સમાં વિદ્યાર્થીઓને 'ધો. ૧૨ પછી યુરોપના પોલેન્ડમાં ટોપ રેકીંગ યુનિવર્સિટીમાં અભ્યાસની તકો' અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમિનાર્સનો આશરે એક હજારથી વધુ બાળકોએ લાભ લીધો હતો.

# આર્ટ ઓફ લીવીંગ દ્વારા હેપીનેસ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૧

શ્રી શ્રી રવિશંકર પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ, ગાંધીનગર દ્વારા પુખ્ત વયના માટે તા. ૨૬ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન હેપીનેસ પ્રોગ્રામ અને ૮ થી ૧૨ વર્ષના બાળકો માટે આર્ટ એકસલ કોર્ષનું આયોજન પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, કુડાસણ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

ઉપરોકત બંને શિબિરમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ચિલ્ડ્રન ક્રિયા/સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, શ્વાસોસ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓનો સુમેળ સાધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરનો મુખ્ય હેતુ આજના લોકોમાં મુખ્યત્વે રહેલ તનાવ તથા અન્ય નકારાત્મક લાગણીઓ જેવી કે ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદીપણું વગેરેથી મુકત થઈ દરેક વ્યકિત, વિશ્વ સ્તરે આગળ વધી શકે અને તણાવરહિત વ્યકિતઓ થકી હિંસામુકત સમાજ બને તે છે.

આ શિબિરમાં ભાગ લેવા અને કોઈ પણ માહિતી મેળવવા માટે શિબિર સ્થળ અથવા સંસ્થાના પ્રશિક્ષક સુરેશભાઈ પરમારનો મો. ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# કોંગ્રેસના ઉમેદવારો દ્વારા ઈલેકશન પિટિશન કરાશે

**ભાજપની ગડબડીના કારણે કોંગ્રસને ઓછી બેઠકો મળી : પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીનો ભાજપ ઉપર આક્ષેપ : ઇવીએમને લઇ વ્યાયક ફરિયાદો મળી ચુકી છે**

મહેસાણા, તા.૨૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસ દ્વારા યોજાયેલી ચિંતન શિબિર બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આજે ભાજપ પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા ચૂંટણીમાં કરાયેલી ગડબડી, દાદાગીરી અને ચૂંટણી અધિકારીઓ સહિત સરકારી તંત્રના કરેલા દૂરપયોગના કારણે કોંગ્રેસને ઓછી બેઠકો મળી છે. ચિંતન શિબિરમાં કોંગ્રેસના આગેવાનો અને સ્થાનિક નેતાઓ-કાર્યકરો તરફથી ઈવીએમને લઈને પણ વ્યાપક ફરિયાદો મળી છે. આ સમગ્ર મામલો ગંભીર છે અને તેથી આગામી દિવસોમાં કોંગ્રેસના ઉમેદવારો ન્યાય માટે ગુજરાત હાઈકોર્ટમાં ઈલેકશન પિટિશન પણ દાખલ કરવામાં આવશે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, ઈવીએમનો મુદ્દો ઘણો મહત્વનો અને સંવેદનશીલ છે. કોંગ્રેસના ઘણા આગેવાનો અને નેતાઓ-કાર્યકરો દ્વારા ઈવીએમમાં ગડબડીની દહેશત વ્યકત કરાઈ છે અને તેથી આગામી દિવસોમાં કોંગ્રેસના ઉમેદવારો ગુજરાત હાઈકોર્ટમાં ન્યાય માટે ઈલેકશન પિટિશન ફાઈલ કરશે. તેમણે ઉમેર્યુ કે, ઈવીએમની સરખામણીએ બેલેટ પેપર જ નિષ્પક્ષ અને તટસ્થ વિકલ્પ હોઈ બેલેટ પેપરથી જ મતદાન અને ચૂંટણી કરાવવાની માંગણી સાથે રાષ્ટ્રવ્યાપી આંદોલન છેડવા પણ કોંગ્રેસના આગેવાનો તરફથી રજૂઆત મળી છે. કેટલાક ઉમેદવારોને ખોટી રીતે ટિકિટ અપાઈ હોવાની રજૂઆત સાથે જે તે વિધાનસભા મતક્ષેત્રમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો નિષ્ક્રિય રહ્યા હોવાની વાત પણ ધ્યાન પર આવી છે તેવા કિસ્સામાં આગામી દિવસોમાં શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરાય તેવો સંકેત પણ તેમણે આપ્યો હતો. સોલંકીએ એ મુદ્દે પણ સ્પષ્ટ કર્યું હતું કે, દેશમાં કોંગ્રેસ એવી પહેલી પાર્ટી છે કે જેણે પરિણામો જાહેર થયા બાદ તરત જ ચિંતન શિબિર યોજી અનોખી પહેલ દાખવી છે. તેની પાછળનો ઉમદા આશય ગુજરાતની પ્રજા સાથેનો સંપર્ક અને સંવાદ જીવંત રહે અને ભવિષ્યમાં પક્ષનું સંગઠન વધુ મજબૂત અને સુદ્રઢ બનાવવાનો છે.